

# અવિવા એફ્લુઅન્સ

AVIVA
| Life Insurance |

આ પૉલિસીમાં ઈન્વેસ્ટમેંટ પોર્ટફોલિયોમાં રોકાણ જોખમ પૉલિસીધારક ભોગવે છે. લિંક્ડ ઈન્શ્યૉરન્સ ઉત્પાદનો કૉન્ટ્રાક્ટના પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઈ પ્રવાહિતા પૂરી પાડતા નથી. પૉલિસીધારક પાંચમું વર્ષ સમાપ્ત ન થાય ત્યાં સુધી લિંક્ડ ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટ્સ સરન્ડર નહીં કરી શકે / તેમાં રોકાણ કરેલા પૈસા પૂરેપૂરાં અથવા આંશિક ઉપાડ પણ નહીં કરી શકે.

## અવિવા એફ્લુઅન્સ – વ્યક્તિગત યુનિટ લિંક્ડ નૉન–પાર્ટિસિપેટિંગ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન

તમે જીવનને સંપૂર્ણ સંતોષ સાથે માણો છે અને તમારાં ફાઈનાન્સીસ માંથી અત્યધિક માગણી કરો છો. જોકે, તમારો સારો સમય કાયમ રહે એ માટે તમને એક સારા લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાનની જરૂર છે, જે તમારા પરિવારને દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ સામે આર્થિક સુરક્ષા પૂરી પાડવાની સાથે સાથે તમારાં પૈસામાં અનેકગણી વૃદ્ધિ પણ કરે અને તમે ભવિષ્યની ચિંતા કર્યા વગર વર્તમાનનો આનંદ માણી શકો એ સુનિશ્ચિત કરે છે. પ્રસ્તુત છે અવિવા એફ્લુઅન્સ, એક એવો પ્લાન જે કોઈ દુર્ભાગ્યપૂર્ણ ઘટના ઘટવાના કિસ્સામાં પરિવારને આર્થિક સલામતી પૂરી પાડે છે અને બચત વિકલ્પના મિશ્રણ સાથે તમારી સંપત્તિમાં પણ વધારો કરે છે.

અવિવા એફ્લુઅન્સ તમને મર્યાદિત મુદત માટે ચૂકવણી કરવા સાથે લાંબા ગાળાના સીમાચિહ્નો સાકાર કરવા સલામત રહેવા અને રોકાણ જાળવી રાખવા સક્ષમ બનાવે છે, પછી ભલે આ રોકાણ તમારા બાળક માટે હોય કે તમારી નિવૃત્તિ માટે. તમે 7 ફંડ વિકલ્પો માંથી પસંદ કરીને વળતરમાં વધારો પણ કરી શકો છો અને જોખમ ક્ષમતામાં વધ–ઘટ કરીને પેટર્ન બદલી પણ શકો છો. અવિવા એફ્લુઅન્સ તમે ભવિષ્યની ચિંતા કર્યા વગર તમારા પરિવારની ઈચ્છાઓ પૂરી કરવા આજે ખર્ચ કરો એ સુનિશ્ચિત કરે છે.

## એક એવો પ્લાન જે તમારા પરિવારને આર્થિક સંરક્ષણ પૂરું પાડવા સાથે તમને તેમની કાળજી લેવામાં મદદરૂપ બને છે.

### કસ્ટમાઈઝ

- તમારા લાંબા ગાળાને લક્ષ્યને અનુરૂપ તમારી પૉલિસી મુદત પસંદ કરો.
- તમારી સગવડતા મુજબ 7, 10, 15 વર્ષ માટે અથવા સંપૂર્ણ પૉલિસી મુદત માટે પ્રીમિયમો ચૂકવવાનું પસંદ કરો.
- 7 ફંડ્સ માંથી પસંદ કરો અને ફંડમાં અથવા ફંડ્સના સંયોજનમાં રોકાણ કરો, જે તમારી જોખમ ક્ષમતાને બંધબેસતું હોય.
- સિસ્ટમેટિક ટ્રાન્સફર પ્લાન મારફત ઈક્વિટી માર્કેટમાં સાપ્તાહિક અથવા માસિક રીતે પ્રવેશ કરવાનું પસંદ કરો.

### એક્સેસ

- અનપેક્ષિત જરૂરિયાત ઊભી થાય ત્યારે આંશિક ઉપાડો મારફત તમારા પૈસાની સરળ પહોંચ મેળવો.
- તમારી આયોજિત જરૂરિયાતોને જાળવો સિસ્ટમેટિક આંશિક ઉપાડો મારફત.
- તમારા વિન્ડફોલ લાભોને ભવિષ્ય માટે એ જ ઈન્સ્ટ્રૂમેંટમાં ટૉપ અપ્સ મારફત રોકાણ કરો.

### રિવૉર્ડ

- સમયાંતર માઈલસ્ટોન બૂસ્ટર્સ અને મેચ્યોરિટી બૂસ્ટર્સ મારફત રોકાણ જાળવી રાખવા બદલ પુરસ્કૃત થાઓ.

### સુરક્ષા સુનિશ્ચિત કરો

- વીમિત વ્યક્તિનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થવાના કિસ્સામાં ઓછામાં ઓછા પેઆઉટ તરીકે સીક્યોર સમ એશ્યૉર્ડ.
- અકસ્માતથી મૃત્યુ થવાના કિસ્સામાં વધારાની એશ્યૉર્ડ રકમ.

## પાત્રતા

| | | | |
|---|---|---|---|
| પ્રવેશ સમયે ઉંમર (છેલ્લા જન્મદિવસ અનુસાર) | ઓછામાં ઓછી: 2 વર્ષ | વધુમાં વધુ: 50 વર્ષ | |
| પરિપક્વતા ઉંમર (છેલ્લા જન્મદિવસ અનુસાર) | **પ્રીમિયમ પેમેન્ટ ટર્મ (PPT)** | **ઓછામાં ઓછી પરિપક્વતા ઉંમર** | **વધુમાં વધુ પરિપક્વતા ઉંમર** |
| | 7/10/15 વર્ષ | 18 વર્ષ | 65 વર્ષ |
| | 16 - 30 વર્ષ | | 70 વર્ષ |
| પૉલિસી મુદત અને પ્રીમિયમ ચૂકવણી મુદત | **પૉલિસી મુદત (વર્ષમાં)** | **મર્યાદિત પ્રીમિયમ ચૂકવણી મુદત (વર્ષમાં)** | **રેગ્યૂલર પ્રીમિયમ પેમેન્ટ મુદત (વર્ષમાં)** |
| | 15-17 વર્ષ | 10 વર્ષ | પૉલિસી મુદત બરાબર |
| | 18-30 વર્ષ | 7, 10 અને 15 વર્ષ | પૉલિસી મુદત બરાબર |

**વાર્ષિકીકૃત પ્રીમિયમ**

**રેગ્યૂલર પ્રીમિયમ:** ઓછામાં ઓછું

| પૉલિસી મુદત | પ્રીમિયમ ચૂકવણી મુદત | વાર્ષિકીકૃત પ્રીમિયમ (રૂ.માં) |
|---|---|---|
| 15-17 વર્ષ | 10 પૉલિસી મુદત બરાબર | 2,00,000 |
| 18 અને વધુ | 7 વર્ષ | 1,50,000 |
| | 10/15, પૉલિસી મુદત બરાબર | 1,00,000 |

વધુમાં વધુ: કોઈ સીમા નથી, બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધીન

**ટૉપ અપ પ્રીમિયમ:**
ઓછામાં ઓછું: ₹5,000
વધુમાં વધુ: કોઈ સીમા નથી, બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધીન

ટૉપ અપ પ્રીમિયમોનો સરવાળો ચૂકવેલા રેગ્યૂલર પ્રીમિયમોની રકમ કરતા વધુ ન હોવો જોઈએ.

**સમ એશ્યૉર્ડ (વીમા રકમ)**

સમ એશ્યૉર્ડ એ વાર્ષિક પ્રીમિયમનો ગુણાકાર છે અને પૉલિસી મુદત તેમ જ ઉંમર પર આધારિત છે:

**ઓછામાં ઓછી વીમા રકમ (સમ એશ્યૉર્ડ)**

| પૉલિસી મુદત (વર્ષમાં) | પ્રીમિયમ ચૂકવણી મુદત | ઓછામાં ઓછી વીમા રકમ (રૂમાં) |
|---|---|---|
| | | વાર્ષિકીકૃત પ્રીમિયમ |
| 15-17 | 10, પૉલિસી મુદત બરાબર | 20,00,000 |
| 18 અને વધુ | 7 વર્ષ | 15,00,000 |
| | 10/15, પૉલિસી મુદત બરાબર | 10,00,000 |

ઓછામાં ઓછી ટૉપ અપ વીમા રકમ = 6250
જેમાં, ઓછામાં ઓછી વીમા રકમ: વાર્ષિકીકૃત પ્રીમિયમના 10 ગણી
ટૉપ અપ પ્રીમિયમ વીમા રકમ: ટૉપ અપ પ્રીમિયમના1.25 ગણી
**વધુમાં વધુ વીમા રકમ:**
વધુમાં વધુ વીમા રકમ બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધીન રહેશે.

| વીમિત વ્યક્તિની પ્રવેશ સમયે ઉંમર | PPT (વર્ષ) | વધુમાં વધુ વીમા રકમનો ગુણાકાર |
|---|---|---|
| <45 | 7 & 10 | મહત્તમ (10, 0.5 * પૉલિસી મુદત) |
| | 15 થી 30 | પૉલિ મુદત |
| >=45 | 7 & 10 | 10 |
| | 15 થી 30 | પૉલિ મુદત ઓછા 5 |

**ઈન-બિલ્ટ એક્સિડેન્ટલ ડેથ બેનિફિટ**

ઈન–બિલ્ટ એક્સિડેન્ટલ ડેથ સમ એશ્યૉર્ડ મૂળભુત સમ એશ્યૉર્ડ બરાબર રહેશે.
વધુમાં વધુ ₹50 લાખ (પ્રતિ જીવન)ને આધીન, પ્રવર્તમાન દરેક એક્સિડેન્ટલ ડેથ બેનિફિટ કવર જે અવિવા દ્વારા અપાયો હોય તેના સહિત.
વધુમાં વધુ વીમા રકમ બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધીન રહેશે.

**પ્રીમિયમ ચૂકવણી વારંવારતા**

માત્ર વાર્ષિક

## પ્લાન કઈ રીતે કાર્ય કરે છે

મિ. અરિજીત ત્રેહાન 35 વર્ષની ઉંમરના મેનેજમેન્ટ કન્સલટંટ છે જેઓ તેમની પૈસાની નિરંતર જરૂરિયાત વિશે ચિંતિત નથી. જો કે, તેઓ તેમના બાળકના લગ્ન માટે પૂરતા નાણાં ઉપલબ્ધ રહે એ સુનિશ્ચિત કરવા અને આરામદાયક ઓલ્ડ એજ ફંડ ઊભું કરવા કાર્યની શરૂઆત કરવાની ઈચ્છા રાખે છે.

મિ. ત્રેહાન 10 વર્ષની પેમેન્ટ મુદત સાથે **અવિવા એફ્લુઅન્સ** અપનાવે છે, જે તેમની નિવૃત્તિની ઉંમર એટલે કે 55 વર્ષ તથા લક્ષ્યને અનુરૂપ 20 વર્ષની પૉલિસી મુદત સાથે સુમેળ ધરાવે છે. તેઓ દર વર્ષે રૂ.1.5 લાખ પ્રીમિયમ ચૂકવવાનો નિર્ણય કરે છે.




ચૂકવેલા કુલ પ્રીમિયમો = **₹15,00,000**
8% અનુમાનિત વળતર સાથે મેચ્યોરિટી વેલ્યૂ = **₹3,488,766**
4% અનુમાનિત વળતર સાથે મેચ્યોરિટી વેલ્યૂ = **₹1,890,905**
બેઝ સમ એશ્યૉર્ડ (મૂળભુત વીમા રકમ): **₹15,00,000**
એક્સિડેન્ટલ સમ એશ્યૉર્ડ: **₹15,00,000**


મિ. ત્રેહાન મેચ્યોરિટીની રકમ તેમના બાળકના લગ્ન માટે ઉપયોગમાં લઈ શકે છે અને બાકીની રકમ નિવૃત્તિ પછીની આવક સુનિશ્ચિત કરવા માટે વાપરી શકે છે.

## તમારી અવિવા એફ્લુઅન્સ પૉલિસી માટે એન્હાન્સમેંટ વિકલ્પો

### ટૉપ અપ: તમારી ફંડ વેલ્યૂમાં વૃદ્ધિ કરવા મેળવેલા લાભોને રોકાણ કરવાની તક.

વધારાનું લમ્પસમ રોકાણ કરવાનો વિકલ્પ.

મિ. અરિજીત ત્રેહાન તેમની સંસ્થાના પ્રમુખ કર્મચારી છે અને તેઓ આકર્ષક રીટેન્શન બોનસ મેળવી રહ્યા છે. જે તેઓ નવી પૉલિસી ખરીદવાનો ખર્ચ ન કરતા તેમની પ્રવર્તમાન પૉલિસીમાં રોકાણ કરે છે.




ટૉપ અપ પ્રીમિયમો મેચ્યોરિટી વેલ્યૂમાં વધારો કરીને 8% વૃદ્ધિ દરે રૂ.15,80,364 કરશે
(4% વૃદ્ધિ દરે રૂ.10,16,869)

**અસ્વીકાર:** 4% અને 8% દ.વ. ના અનુમાનિત વળતર દર સાથે મેચ્યોરિટી વેલ્યૂ ગૅરંટેડ નથી અને તે પૉલિસીધારક દ્વારા પસંદ કરવામાં આવેલા ફંડ્સના વળતરોની ઉપલી અથવા નીચલી સીમા નથી અને ફંડ્સની કામગીરી રોકાણની ભાવિ કામગીરી સહિતના કેટલાંક પરિબળો પર આધારિત રહે છે.

## ટૉપ–અપ પ્રીમિયમો માટેની અગત્યની શરતો

- ટૉપ અપ પ્રીમિયમો ચૂકવેલા ટૉપ અપ પ્રીમિયમના 1.25 ગણી વીમા રકમ ધરાવશે.
- કૉન્ટ્રાક્ટની હયાતી દરમિયાન ટૉપ અપ પ્રીમિયમો કોઈપણ સમયે માન્ય રહેશે, સિવાય કે પૉલિસીના છેલ્લા 5 વર્ષ દરમિયાન, આ માટે બધાં જ પાકેલા પ્રીમિયમો ચૂકવી દેવામાં આવ્યા હોય એ જરૂરી છે.
- માન્ય ઓછામાં ઓછું ટૉપ અપ પ્રીમિયમ રૂ.5,000 છે; મહત્તમ રકમની કોઈ સીમા નથી, આ બોર્ડ માન્ય અંડરરાઈટિંગ માર્ગદર્શિકાને આધીન રહે છે.
- ચૂકવેલ કુલ ટૉપ અપ પ્રીમિયમો ટૉપ અપ પ્રીમિયમની તારીખ સુધીમાં ચૂકવેલા રેગ્યૂલર પ્રીમિયમોની કુલ રકમ કરતા વધુ ન હોવા જોઈએ.

- ટૉપ અપ પ્રીમિયમો એ જ ફંડ્સમાં રેગ્યૂલર પ્રીમિયમ તરીકે ફાળવવામાં આવશે, સિવાય કે ટૉપ અપ પ્રીમિયમના સમયે નિર્દિષ્ટ કરેલ હોય.
- દરેક ટૉપ અપ પ્રીમિયમ પાંચ વર્ષનો ''લૉક–ઈન–પીરિયડ'' ધરાવશે. આ મુદત દરમિયાન કોઈ આંશિક ઉપાડની પરવાનગી નહીં રહે. પૉલિસી આ કારણસર રદ થવાના કિસ્સામાં લૉક–ઈન–પીરિયડ લાગુ નહીં
  - પૉલિસીના શરૂઆતના પાંચ વર્ષ પછી પૉલિસી માંથી સંપૂર્ણ ઉપાડ / સરન્ડર કરવામાં આવે.
  - વીમિત વ્યક્તિનું મૃત્યુ થાય.

## ફંડ વિકલ્પોઃ તમારી જોખમ ક્ષમતા આધારે પસંદગી માટે 7 ફંડ વિકલ્પો ઉપલબ્ધ છે

| ફંડનું નામ અને હેતુ | રોકાણની પદ્ધતિ | જોખમ સ્તર |
|---|---|---|
| બૅલેન્સ્ડ ફંડ-II [SFIN: ULIF01508/01/2010LIBALAN-II122]:<br>મૂડી વૃદ્ધિ અને સ્થાયી વળતરોનું સંતુલન મેળવવા. | ડેબ્ટ (25%-100%)<br>એમએમ (0%-40%)<br>ઈક્વિટી (0%-45%) | મધ્યમ |
| બૉન્ડ ફંડ-II [SFIN: ULIF01608/01/2010LIFDEBT-II122]:<br>ઉચ્ચ ગુણવત્તાની ફિક્સ્ડ ઈન્કમ સીક્યોરિટીઝમાં રોકાણ મારફત સ્થાયી આવક ઊભી કરવી. | ડેબ્ટ (60%-100%)<br>એમએમ (0%-40%)<br>ઈક્વિટી (0%) | ઓછું |
| એન્હેન્સર ફંડ-II [SFIN: ULIF01708/01/2010LIFENHN-II122]:<br>ઈક્વિટીમાં ઊચ્ચ રોકાણ સાથે આક્રમક, લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ પૂરી પાડવી | ડેબ્ટ (0%-40%)<br>એમએમ (0%-40%)<br>ઈક્વિટી (60%-100%) | ઊચ્ચ |
| ગ્રોથ ફંડ-II [SFIN: ULIF01808/01/2010LIGROWT-II122]:<br>ઈક્વિટીમાં ઊચ્ચ રોકાણ સાથે લાંબા ગાળે મૂડી વૃદ્ધિ પ્રાપ્ત કરવી. | ડેબ્ટ (0%-50%)<br>એમએમ (0%-40%)<br>ઈક્વિટી (30%-85%) | ઊચ્ચ |
| ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ [SFIN: ULIF01908/01/2010LIFEINFRAF122]:<br>ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંબંધિત ઈક્વિટીઝમાં રોકાણ મારફત સ્થાયી વળતરો મેળવવા. | ડેબ્ટ (0%-40%)<br>એમએમ (0%-40%)<br>ઈક્વિટી (60%-100%) | ઊચ્ચ |
| પ્રૉટેક્ટર ફંડ-II [SFIN: ULIF02108/01/2010LIPROTE-II122]:<br>ઈક્વિટીઝમાં ઓછામાં ઓછા રોકાણ સાથે સ્થાયી વળતરો મેળવવા. | ડેબ્ટ (25%-100%)<br>એમએમ (0%-40%)<br>ઈક્વિટી (0%-20%) | ઓછું |
| PSU ફંડ [SFIN: ULIF02208/01/2010LIFEPSUFND122]:<br>પીએસયુ અને સંબંધિત ઈક્વિટીઝમાં રોકાણ મારફત સ્થાયી વળતરો મેળવવા. | ડેબ્ટ (0%-40%)<br>એમએમ (0%-40%)<br>ઈક્વિટી (60%-100%) | ઊચ્ચ |

MM એટલે મની માર્કેટ અને અન્ય કૅશ ઈન્સ્ટ્રૂમેંટ્સ

## ડિસકન્ટીન્યૂડ પૉલિસી ફંડ

| ફંડનું નામ અને હેતુ | અસ્ક્યામત ફાળવણી | જોખમ સ્તર |
|---|---|---|
| ડિસકન્ટીન્યૂડ પૉલિસી ફંડ [SFIN: ULIF03127/01/2011LIDISCPLCY122]:<br>IRDAI દ્વારા વખતો વખત આલેખિત કર્યા મુજબ મિનિમમ ગૅરંટેડ દર પૂરો પાડવો. | MM: 0 થી 40%<br>ગવર્મેન્ટ સીક્યોરિટીઝ: 60% થી 100% | ઓછું |

ડિસકન્ટીન્યૂડ પૉલિસી ફંડને લાગુ હાલનો ઓછામાં ઓછો ગૅરંટેડ વ્યાજ દર 4% વાર્ષિક છે.

MM એટલે મની માર્કેટ અને અન્ય કૅશ ઈન્સ્ટ્રૂમેંટ્સ

## સિસ્ટમેટિક ટ્રાન્સફર પ્લાન (STP): રૂપી કોસ્ટ એવરેજિંગનો લાભ મેળવવાનો વિકલ્પ.

વર્તમાન પોર્ટફોલિયો મેનેજમેન્ટ કેમ કે અમે તમારા પૈસાને ડેબ્ટ ફંડ અને ઈક્વિટી ફંડ વચ્ચે પદ્ધતિસર રીતે, વિના શૂલ્ક સ્વિચ કરીએ છીએ, આમ ઈક્વિટીઝમાં રોકાણના એકંદર જોખમમાં ઘટાડો કરીએ છીએ.

- આ સુવિધા તો જ ઉપલબ્ધ છે જો ઓછામાં ઓછું 10% પ્રીમિયમ પ્રોટેક્ટર ફંડ-IIમાં ફાળવ્યું હોય.
- આ ખૂબી પ્રોટેક્ટર ફંડ-II માંથી એન્હેન્સર ફંડ-IIમાં સાપ્તાહિક ધોરણે અથવા માસિક ધોરણે પૉલિસી મુદત દરમિયાન પસંદ કરાય તેમ ઑટોમેટિક સ્વિચિંગ શક્ય બનાવે છે, સિવાય કે છેલ્લા 2 વર્ષમાં, જે નીચે મુજબ રહેશે.

### સાપ્તાહિક STPના કિસ્સામાં

| | |
|---|---|
| સપ્તાહ 1 | સપ્તાહ 1ના અંતમાં 1/52 યુનિટો ઉપલબ્ધ છે |
| સપ્તાહ 2 | સપ્તાહ 2ના અંતમાં 1/51 યુનિટો ઉપલબ્ધ છે |
| સપ્તાહ 26 | સપ્તાહ 26ના અંતમાં 1/27 યુનિટો ઉપલબ્ધ છે |
| સપ્તાહ 51 | સપ્તાહ 51ના અંતમાં 1/2 યુનિટો ઉપલબ્ધ છે |
| સપ્તાહ 52 | બૅલેન્સ યુનિટો સપ્તાહ 52ના અંતમાં ઉપલબ્ધ છે |

### માસિક STPના કિસ્સામાં

| | |
|---|---|
| મહિનો 1 | મહિનો 1ના અંતમાં 1/12 યુનિટો ઉપલબ્ધ છે |
| મહિનો 2 | મહિનો 2ના અંતમાં 1/11 યુનિટો ઉપલબ્ધ છે |
| મહિનો 26 | મહિનો 6ના અંતમાં 1/7 યુનિટો ઉપલબ્ધ છે |
| મહિનો 51 | મહિનો 11ના અંતમાં 1/2 યુનિટો ઉપલબ્ધ છે |
| મહિનો 52 | બૅલેન્સ યુનિટો 2 મહિનાની અંતમાં ઉપલબ્ધ છે |

### રિવર્સ STP

છેલ્લા 2 વર્ષ દરમિયાન (એટલે કે પરિપક્વતા પહેલાના છેલ્લા 24 મહિના), ફંડ્સ એન્હેન્સર ફંડ-II માંથી પ્રોટેક્ટર ફંડ-IIમાં નીચે જણાવેલ રીતે સ્વિચ કરવામાં આવશેઃ

| | |
|---|---|
| મહિનો 1 | મહિનો 24ના શરૂઆતમાં 1/24 યુનિટો ઉપલબ્ધ છે |
| મહિનો 2 | પરિપક્વતા પહેલા 23 મહિનાની શરૂઆતમાં 1/23 યુનિટો ઉપલબ્ધ છે |
| મહિનો 12 | મહિનો 6ના શરૂઆતમાં 1/7 યુનિટો ઉપલબ્ધ છે |
| મહિનો 23 | પરિપક્વતા પહેલા 12 મહિનાની શરૂઆતમાં 1/13 યુનિટો ઉપલબ્ધ છે |
| મહિનો 24 | છેલ્લા મહિનાની શરૂઆતમાં ઉપલબ્ધ બૅલેન્સ યુનિટ્સ |

- પ્રોટેક્ટર ફંડ-II થી એન્હેન્સર ફંડ-IIમાં સ્વિચિંગની મુદત દરમિયાન પ્રોટેક્ટર ફંડ-IIમાં કે તેમાંથી કોઈ સ્વિચીસ માન્ય નહીં રહે. એ જ રીતે, એન્હેન્સર ફંડ-II થી પ્રોટેક્ટર ફંડ-IIમાં સ્વિચિંગ દરમિયાન પણ એન્હેન્સર ફંડ-IIમાં કે તેમાંથી કોઈ સ્વિચીસ માન્ય નહીં રહે.

- STP હેઠળ બધાં જ સ્વિચીસ વિના શૂલ્ક રહેશે અને ઓછામાં ઓછી સ્વિચ રકમ તેમ જ સ્વિચ પછી ઓછામાં ઓછી બૅલેન્સના કોઈ પ્રતિબંધ નહીં ધરાવે.

- STP પ્રારંભમાં અથવા છેલ્લા ત્રણ પૉલિસી વર્ષ સિવાય કોઈપણ પૉલિસી વર્ષગાંઠે શરૂ કરી શકાય છે, જે માટે પૉલિસી વર્ષગાંઠના 30 દિવસ પહેલા લેખિતમાં સૂચના આપવાની રહેશે.

- STP કોઈપણ પૉલિસી વર્ષગાંઠે પૉલિસી વર્ષગાંઠના ઓછામાં ઓછા 30 દિવસ પહેલા લેખિતમાં વિનંતી કરીને બંધ કરી શકાય છે. આ વિકલ્પ પાછળથી ફરી શરૂ કરી શકાય છે.

રોકાણ જોખમો પૉલિસીધારકે ભોગવવાનું ચાલુ રહેશે.

## સ્વિચિંગઃ તમારા ફંડ્સનું વિના શૂલ્ક સંચાલન કરવાનો ફાયદો.

**માર્કેટની તકોનો લાભ મેળવવા ફંડ્સ વચ્ચે સ્વિચ કરવાની દર વર્ષે મળતી 12 સોનેરી તકો.**

- જમા થયેલ ફંડ્સ આ પ્રોડક્ટમાં ઉપલબ્ધ 7 ફંડ્સ વચ્ચે ગમે ત્યારે સ્વિચ કરો.
- સ્વિચિંગ એ બદલાતી જોખમ ક્ષમતા અથવા બદલાતી માર્કેટની સ્થિતિ સાથે એક ફંડ માંથી બીજા ફંડમાં યુનિટ્સ એડજસ્ટ કરવા અથવા લઈ જવાની તક છે
- પૉલિસી વર્ષ દરમિયાન પ્રથમ બાર યુનિટ સ્વિચીસ વિના શૂલ્ક રહેશે. ઉપયોગ ન કરેલ સ્વિચીસ કેરીડ ફોરવર્ડ નહીં કરી શકાય.
- ત્યારપછીના દરેક સ્વિચીસ સ્વિચ કરેલી રકમના 0.50% દરે ચાર્જ કરાશે, પ્રતિ ટ્રાન્ઝેક્શન ઓછામાં ઓછા રૂ.25 અને રૂ.500થી વધુ નહીં રહે. આ ચાર્જ જે ફંડમાં યુનિટ સ્વિચ કર્યા હોય તેમાંથી બાદ કરી લેવાશે.

## પ્રીમિયમ રીડાયરેક્શનઃ
## તમારા ભાવિ પ્રીમિયમોની રોકાણ પદ્ધતિ બદલવાની આઝાદી

**માર્કેટની મૂવમેન્ટ્સનો શ્રેષ્ઠ લાભ લો**

- ભાવિ પ્રીમિયમોની ફાળવણીના અનુપાતને પૉલિસી હેઠળ વિવિધ ફંડ્સમાં સુધારવાની તક આપે છે.
- એકવાર વિનંતી સ્વીકાર્યા પછી અગાઉની અલોકેશન પદ્ધતિ બિનઅસરકારક બનશે.
- આ સુવિધા વિના શૂલ્ક છે.

## આંશિક ઉપાડઃ
## આકસ્મિક આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા તમારા નાણાંની પહોંચ મેળવો.

**તમારા ફંડ માંથી પૈસાના આંશિક ઉપાડને માન્ય કરી પ્રવાહિતાની ચિંતા દૂર કરે છે.**

મિ. અરિજીત ત્રેહાન તેમના માતા–પિતાની વર્ષમાં બે વાર વિદેશની ટ્રિપ માટે નાણાં પૂરાં પાડવા પૉલિસી મુદત દરમિયાન આંશિક ઉપાડ વિકલ્પનો ઉપયોગ કરે છે.




- જ્યાં વીમિત વ્યક્તિ છેલ્લા જન્મ દિવસે 18 વર્ષની થઈ હોય ત્યાં પૉલિસી વર્ષમાં 4 વાર માન્ય છે. ઉપયોગ ન કરેલ ઉપાડને કેરીડ ફોરવર્ડ નહીં કરી શકાય
- પ્રથમ પાંચ પૉલિસી વર્ષ પૂર્ણ થયા પછી રેગ્યૂલર પ્રીમિયમોને લગતી ફંડ વેલ્યૂ માંથી માન્ય છે.
- જો ટૉપ અપ પ્રીમિયમોને લગતી ફંડ વેલ્યૂ માંથી ઉપાડ કરાયો હોય તો દરેક ટૉપ અપ પ્રીમિયમ ચૂકવ્યાની તારીખથી 5 વર્ષ પછી માન્ય.
- આંશિક ઉપાડ સૌ પ્રથમ ટૉપ અપ પ્રીમિયમને લગતી ફંડ વેલ્યૂ, જો કોઈ હોય અને પાત્ર હોય તો તેમાંથી કરાશે અને પછી રેગ્યૂલર પ્રીમિયમને લગતી ફંડ વેલ્યૂ માંથી કરાશે.
- આંશિક ઉપાડની ઓછામાં ઓછી રકમ રૂ.5000 છે.

- રેગ્યૂલર પ્રીમિયમ યુનિટ્સની ફંડ વેલ્યૂ ઉપાડ કર્યા પછી પહેલા વર્ષના વાર્ષિકીકૃત પ્રીમિયમના 2 ગણા કરતા ઓછી ન થવી જોઈએ. ઓછામાં ઓછી બૅલેન્સની શરત ટૉપ અપ પ્રીમિયમોને લગતી ફંડ વેલ્યૂ માંથી કરેલા ઉપાડોને લાગુ નહીં થાય.
- મૃત્યુના સમયે, આંશિક ઉપાડ/સિસ્ટમેટિક આંશિક ઉપાડ કે જે છેલ્લા 2 વર્ષ દરમિયાન કરેલ હોય તેનો સરવાળો મૂળ વીમા રકમ માંથી બાદ કરી દેવાશે જેથી ચૂકવવાપાત્ર ડેથ બેનિફિટ પ્રાપ્ત કરી શકાય. ટૉપ અપ પ્રીમિયમના યુનિટો માંથી કરેલ આંશિક ઉપાડ આ હેતુ માટે બાદ નહીં કરવામાં આવે.

## સિસ્ટમેટિક આંશિક ઉપાડઃ
## તમે ખર્ચાઓની શ્રેણીને પહોંચી વળવાનો લાભ ધરાવો છો.

**તમારી સુનિયોજિત યોજનાઓને ભંડોળ પૂરું પાડો સ્ટ્રક્ચર્ડ વિડ્રોઅલ્સ મારફત એક વારની લેખિત અરજી સાથે.**

મિ.અરિજીત ત્રેહાન તેમના બાળકની વધેલી શૈક્ષણિક જરૂરિયાતો જેવી કે ટ્યુટોરિયલ્સ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ભંડોળ ઉપલબ્ધ કરવા સિસ્ટમેટિક આંશિક ઉપાડનો ઉપયોગ કરી શકે છે.




- પ્રથમ પાંચ પૉલિસી વર્ષ પૂરાં થયા પછી પૉલિસી મુદત દરમિયાન ગમે ત્યારે માન્ય છે, સિવાય કે પાકતી મુદત પહેલાના 3 પૉલિસી વર્ષ દરમિયાન, આ માટે ફંડ વેલ્યૂ રૂ.5,00,000 અથવા અરજી કરવા સમયે તેનાથી વધુ હોય તે જરૂરી છે.
- પેઆઉટ ટર્મ 3 થી બાકી રહેલી પૉલિસી મુદત સુધી કોઈ પણ પૂર્ણ સંખ્યા હોઈ શકે છે.
- સિસ્ટમેટિક વિડ્રોઅલ પેઆઉટ્સ વાર્ષિક, અર્ધવાર્ષિક, ત્રૈમાસિક અથવા માસિક વારંવારતા માટે અપનાવી શકાય છે.
- જે મહિના માંથી ઉપાડ અપેક્ષિત હોય તેના ઓછામાં ઓછા 15 દિવસ પહેલા અરજી પ્રાપ્ત કરવામાં આવી છે.
- ઉપાડ પ્રતિ વર્ષ ફંડ વેલ્યૂના 3% અને 12% વચ્ચે માન્ય છે. જો ઉપાડ વધુ વારંવાર કરાતો હોય તો મહત્તમ રકમ અનુપાતમાં ઘટાડો પામશે.
- ઉપાડ શરૂ થાય ત્યારે વિનંતી કરેલ ઓછામાં ઓછી ઉપાડની રકમ પ્રતિ વર્ષ રૂ.15,000 હોવી જોઈએ.
- દરેક પેઆઉટ મોડ્સ માટે ડાયરેક્ટ ક્રેડિટ / ECS ઉપલબ્ધ છે. ચેક દ્વારા પેઆઉટ માત્ર વાર્ષિક અને અર્ધવાર્ષિક પેઆઉટ મોડ્સ માટે જ ઉપલબ્ધ છે.
- બધી જ ચૂકવણીઓ ભૂલચૂક લેવી દેવી ધોરણે કરવાની રહેશે.
- જો કોઈપણ સમયે, પેઆઉટ મુદત દરમિયાન પહેલા વર્ષના વાર્ષિકીકૃત પ્રીમિયમના 2 ગણાં કરતા ઘટી જાય તો સિસ્ટમેટિક પાર્શિયલ વિડ્રોઅલ બંધ થઈ જશે અને પૉલિસી માનક નિયમો અને શરતો મુજબ ચાલુ રહેશે.
- મૃત્યુના સમયે, આંશિક ઉપાડ/સિસ્ટમેટિક આંશિક ઉપાડ કે જે છેલ્લા 2 વર્ષ દરમિયાન કરેલ હોય તેનો સરવાળો મૂળ વીમા રકમ માંથી બાદ કરી દેવાશે જેથી ચૂકવવાપાત્ર ડેથ બેનિફિટ પ્રાપ્ત કરી શકાય. ટૉપ અપ પ્રીમિયમના યુનિટો માંથી કરેલ આંશિક ઉપાડ આ હેતુ માટે બાદ નહીં કરવામાં આવે.
- પૉલિસી મુદત દરમિયાન કોઈ પણ સમયે આ વિકલ્પ બંધ અને શરૂ કરવો ઉપરોક્ત શરતોને આધીન માન્ય રહે છે.

## પ્લાનનાં લાભો

### ડેથ બેનિફિટઃ તમારા ફેમિલી માટે તમારી વચનબદ્ધતા સર્વોપરી છે.

- વીમિત વ્યક્તિનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થવાના કિસ્સામાં, નોમિની સમ એશ્યૉર્ડ અથવા ફંડ વેલ્યૂ કે જે રેગ્યૂલર / મર્યાદિત પ્રીમિયમોને લગતી હોય અથવા ચૂકવેલા રેગ્યૂલર પ્રીમિયમોના 105%, આ ત્રણ માંથી જે પણ સર્વોચ્ચ હોય તે મેળવશે.
- જો પૉલિસીમાં ટૉપ અપ પ્રીમિયમો ચૂકવી દીધા હોય તો ટૉપ અપ સમ એશ્યૉર્ડ અથવા ટૉપ અપ પ્રીમિયમોને લગતી ફંડ વેલ્યૂ અથવા ચૂકવેલા ટૉપ અપ પ્રીમિયમોના 105%, આ ત્રણ માંથી જે પણ વધુ હોય તે વધુમાં ચૂકવવામાં આવશે.
- પૉલિસી મુદત દરમિયાન 18 થી 70 વર્ષની ઉંમર દરમિયાન અકસ્માતને લીધે મૃત્યુ થવાના કિસ્સામાં એક્સિડેન્ટલ ડેથ બેનિફિટના ભાગ રૂપે વધારાનું પેઆઉટ પણ ચૂકવવાપાત્ર રહે છે. એક્સિડેન્ટલ ડેથ સમ એશ્યૉર્ડની રકમ પૉલિસી શેડ્યૂલમાં નિર્દિષ્ટ કરાશે.

**કૃપા કરી નોંધ લેશોઃ**

મૃત્યુના સમયે, આંશિક ઉપાડ/સિસ્ટમેટિક આંશિક ઉપાડ કે જે છેલ્લા 2 વર્ષ દરમિયાન કરેલ હોય તેનો સરવાળો મૂળ વીમા રકમ માંથી બાદ કરી દેવાશે જેથી ચૂકવવાપાત્ર ડેથ બેનિફિટ પ્રાપ્ત કરી શકાય. ટૉપ અપ પ્રીમિયમના યુનિટો માંથી કરેલ આંશિક ઉપાડ આ હેતુ માટે બાદ નહીં કરવામાં આવે.

જો પૉલિસી ડિસકન્ટીન્યૂઅન્સ પૉલિસી ફંડમાં જતી રહે અને ત્યારપછી વીમિત વ્યક્તિનું મૃત્યુ થાય તો ડિસકન્ટીન્યૂડ પૉલિસીની રકમ નોમિનીને ચૂકવવાપાત્ર રહેશે.

### મેચ્યોરિટી બેનિફિટઃ તમારી વચનબદ્ધતાઓને પૂર્ણ કરવાના પારિતોષિકોનો આનંદ માણો.

- રેગ્યૂલર પ્રીમિયમો, ટૉપ અપ પ્રીમિયમો, જો કોઈ હોય તો તેને લગતી ફંડ વેલ્યૂ અને પાકતી મુદત સુધી જીવીત રહેવા (સર્વાઈવલ) પર મેચ્યોરિટી બૂસ્ટર એડિશન્સ મેળવો.
- મેચ્યોરિટી બૂસ્ટર એડિશનની ગણતરી પાકતી મુદતે રેગ્યૂલર પ્રીમિયમોની ફંડ વેલ્યૂના ટકા તરીકે ગણતરી કરાય છે, જે નીચે કોષ્ટકમાં દર્શાવ્યું છેઃ

| પૉલિસીની પ્રીમિયમ ચૂકવણી મુદત (વર્ષમાં) | લિમિટેડ/રેગ્યૂલર પ્રીમિયમને લગતી ફંડ વેલ્યૂના % તરીકે મેચ્યોરિટી બૂસ્ટર એડિશન |
|---|---|
| 7 | 0.65% |
| 10 | 0.70% |
| 15 | 0.75% |
| 16 - 30 | 0.80% |

- મેચ્યોરિટી બૂસ્ટર એડિશન મેચ્યોરિટી પ્રાપ્ત કરનાર દરેક પૉલિસીઓ સહિત પેઈડ–અપ પૉલિસીઓને ચૂકવવાપાત્ર રહે છે.

### ઈન્ક્રીઝિંગ માઈલસ્ટોન બૂસ્ટર (IMB): રોકાણ જાળવી રાખવું એ લાભદાયી છે.

આ પ્લાન ''ઈન્ક્રીઝિંગ માઈલસ્ટોન બૂસ્ટર્સ'' (IMB) પૂરાં પાડે છે જ્યારે પૉલિસી આઈએમબીની ફાળવણી માટે સુસંગત પૉલિસી વર્ષગાંઠની તારીખ સુધી પાકેલા પ્રીમિયમો ચૂકવીને ચાલુ રાખી હોય. IMB એડિશન્સ એ રેગ્યૂલર પ્રીમિયમોને લગતી ફંડ વેલ્યૂના ટકા છે અને નીચે જણાવેલી શરતોને આધીન ફંડ વેલ્યૂમાં ઉમેરવામાં આવે છેઃ

- IMBની ફાળવણી માટે વીમિત વ્યક્તિ સુસંગત પૉલિસી વર્ષગાંઠની તારીખ સુધી જીવીત રહે.
- મેચ્યોરિટી તારીખ સાથે અનાયાસ આવતી પૉલિસી વર્ષગાંઠ માટે IMB લાગુ નથી.

- ટૉપ અપ પ્રીમિયમો, જો કોઈ હોય તો તેને લગતી ફંડ વેલ્યૂ પર IMB એડિશન્સ લાગુ નથી.
- IMB નીચે જણાવેલા કોષ્ટક અનુસાર રહેશે.

| યુનિટ ફંડમાં ફાળવણીની તારીખ | લિમિટેડ/રેગ્યૂલર પ્રીમિયમને લગતી ફંડ વેલ્યૂના % તરીકે IMB |
|---|---|
| 10મી પૉલિસી વર્ષગાંઠ પર | 0.50% |
| 15મી પૉલિસી વર્ષગાંઠ પર | 0.55% |
| 20મી પૉલિસી વર્ષગાંઠ પર | 0.60% |
| 25મી પૉલિસી વર્ષગાંઠ પર | 0.65% |

- ઉપરોક્ત કોષ્ટકમાં જણાવેલ IMB ટકાવારી ગૅરંટેડ છે અને તેમાં ફેરફાર નહીં કરી શકાય.
- IMB પૉલિસી વર્ષગાંઠ પર એટલે કે, સંબંધિત પૉલિસી વર્ષની શરૂઆતમાં પાછલા પૉલિસી વર્ષના અંતે રહેલી ફંડ વેલ્યૂ આધારે ફાળવવામાં આવશે.

કૃપા કરી નોંધ લેશો કે ઉપરોક્ત કોષ્ટકમાં 10મી પૉલિસી વર્ષગાંઠ 10મું પૉલિસી વર્ષ પૂર્ણ થયાનો ઉલ્લેખ કરે છે. એ જ રીતે, 15મી, 20મી અને 25મી પૉલિસી વર્ષગાંઠનો અર્થ અનુક્રમે 15મું, 20મું અને 25મું પૉલિસી વર્ષ પૂર્ણ થયાનો રહેશે.

## કર લાભો

- આ પ્રોડક્ટ આવકવેરા ધારો, 1961ની વિવિત જોગવાઈઓ હેઠળ નિર્દિષ્ટ કરેલ કપાત અને અન્ય લાભો માટે પાત્ર છે, જે તેમાં જણાવેલી શરતોનું પાલન કરવાને આધીન રહે છે. કૃપા કરી વધુ વિગતો માટે તમારા કર સલાહકારની સલાહ લો. કર કાયદાઓ ફેરફારને આધીન રહે છે.

## ચાર્જિસ

### પ્રીમિયમ અલોકેશન ચાર્જ

- આ ચાર્જ ચૂકવેલા પ્રીમિયમ માંથી બાદ કરાય છે અને આ બાદ કર્યા પછીની બૅલેન્સ રકમ રોકાણ કરવામાં આવે છે. આ ચાર્જ જે વર્ષ માટે પ્રીમિયમ ચૂકવ્યું હોય તેના પર આધાર રાખે છે:

| પૉલિસી વર્ષ | પ્રીમિયમ અલોકેશન ચાર્જ | |
|---|---|---|
| | લિમિટેડ / રેગ્યૂલર પ્રીમિયમ | ટૉપ-અપ પ્રીમિયમ |
| 1st | 9% | 2% |
| 2nd | 7% | |
| 3જા થી 10મું | 6% | |
| 11મું આગળ | 2% | |

### ફંડ મેનેજમેન્ટ ચાર્જ

ફંડ મેનેજમેન્ટ ચાર્જ (FMC) દૈનિક ધોરણે એનએવીની ગણતરી કરતી વખતે દરેક ફંડ્સ પર લાગુ રહેશે.

- ડિસકન્ટીન્યૂડ પૉલિસી ફંડ સિવાયના દરેક ફંડ્સ માટે એફએમસી 1.35% પ્રતિ વર્ષ રહેશે.
- ડિસકન્ટીન્યૂડ પૉલિસી ફંડ માટે એફએમસી 0.50% પ્રતિ વર્ષ રહેશે.

### પૉલિસી એડમિનિસ્ટ્રેશન ચાર્જ

- આ ચાર્જ પૉલિસી યુનિટ અકાઉન્ટ માંથી યુનિટોના માસિક રીડમ્પશન દ્વારા લેવામાં આવશે.
- પૉલિસી એડમિનિસ્ટ્રેશન ચાર્જ નીચે આપેલા કોષ્ટક અનુસાર સંપૂર્ણ પૉલિસી મુદત દરમિયાન લાગુ રહે છે:

| પૉલિસી વર્ષ | પૉલિસી એડમિનિસ્ટ્રેશન ચાર્જ (દર મહિને) |
|---|---|
| 1st | શૂન્ય |
| 2 થી 5 | વાર્ષિકીકૃત પ્રીમિયમના 0.02% |
| 6th | વાર્ષિકીકૃત પ્રીમિયમના 0.20% |

- દર મહિને વાર્ષિક પ્રીમિયમના 0.20% નો પૉલિસી એડમિનિસ્ટ્રેશન ચાર્જ 7મા પૉલિસી વર્ષથી દર પૉલિસી વર્ષગાંઠે વાર્ષિક 2.50% થી વધારવામાં આવશે.
- આ ચાર્જ દર મહિને રૂ.500થી વધુ નહીં હોય.

## મોર્ટાલિટી ચાર્જ

- મોર્ટાલિટી ચાર્જ સમ એટ રિસ્ક પર લાગુ કરાશે, જે ચૂકવવાપાત્ર ડેથ બેનિફિટની રકમ ઓછા આ ચાર્જ બાદ કર્યા પછીની ફંડ વેલ્યૂ વચ્ચેનો તફાવત છે, બેઝ અને ટૉપ અપ માટે અલગ અલગ.
- આ ચાર્જ પૉલિસી યુનિટ અકાઉન્ટ માંથી દર મહિને યુનિટો વટાવીને બાદ કરવામાં આવશે.
- નમૂના વાર્ષિક દર પ્રતિ હજાર વીમા રકમ માટે સ્વસ્થ જીવન માટે નીચે આપેલ છેઃ

| ઉંમર | 25 | 30 | 35 | 40 |
|---|---|---|---|---|
| પુરુષ | 0.7774 | 0.8158 | 1.0037 | 1.4028 |
| મહિલા | 0.7816 | 0.7866 | 0.9068 | 1.2133 |

- ઉપર જણાવેલા મોર્ટાલિટી ચાર્જ ઉપરાંત, પ્રત્યેક રૂ.1000 એક્સિડેન્ટલ ડેથ સમ એશ્યૉર્ડ દીઠ રૂ.0.60 ઈનબિલ્ટ એક્સિડેન્ટલ ડેથ બેનિફિટ, જો લાગુ હોય તો તેની માટે ચાર્જ કરવામાં આવશે.

## ડિસકન્ટીન્યુઅન્સ ચાર્જ

- આ ચાર્જ પૉલિસી યુનિટ અકાઉન્ટ માંથી બાદ કરવામાં આવશે, જો અગર પૉલિસી શરૂઆતના 5 વર્ષની અંદર ડિસકન્ટીન્યૂ કરવામાં આવે.

| જ્યાં પૉલિસી વર્ષ દરમિયાન પૉલિસી ડિસકન્ટીન્યૂ કરવામાં આવી હોય. | ડિસકન્ટીન્યુઅન્સ ચાર્જ |
|---|---|
| 1st | (AP* અથવા ફંડ વેલ્યૂ) ના 6% થી ઓછા, જે વધુમાં વધુ ₹6,000 ને આધીન રહેશે |
| 2nd | (AP* અથવા ફંડ વેલ્યૂ) ના 4% થી ઓછા, જે વધુમાં વધુ ₹5,000 ને આધીન રહેશે |
| 3rd | (AP* અથવા ફંડ વેલ્યૂ) ના 3% થી ઓછા, જે વધુમાં વધુ ₹4,000 ને આધીન રહેશે |
| 4th | (AP* અથવા ફંડ વેલ્યૂ) ના 2% થી ઓછા, જે વધુમાં વધુ ₹2,000 ને આધીન રહેશે |
| 5મું અને આગળ | શૂન્ય |

*AP: વાર્ષિકીકૃત પ્રીમિયમ (એન્યુઅલાઈઝ્ડ પ્રીમિયમ)
ટૉપ અપ પ્રીમિયમ, જો કોઈ હોય તો તેને લગતી ફંડ વેલ્યૂ પર કોઈ ડિસકન્ટીન્યુઅન્સ ચાર્જ નહીં રહે.

ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડ મેનેજમેન્ટ ચાર્જ IRDA ઑફ ઈન્ડિયા દ્વારા વખતો વખત જારી કરાતી માર્ગદર્શિકા મુજબ બદલાઈ શકે છે. ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડને લાગુ વર્તમાન ઓછામાં ઓછો ગૅરંટેડ વ્યાજ દર વાર્ષિક 4% છે.

## સ્વિચિંગ ચાર્જ

પૉલિસી વર્ષમાં પ્રથમ 12 સ્વિચીસ પર કોઈ ચાર્જિસ નથી; ત્યારપછીના સ્વિચીસ માટે સ્વિચ કરેલી રકમના 0.50% ચાર્જ કરવામાં આવે છે, જે ઓછામાં ઓછાં રૂ.25 અને વધુમાં વધુ રૂ.500 પ્રતિ સ્વિચ રહેશે.

## કરવેરા

કરવેરા આના સહિત પરું આ પૂરતા સીમિત ન રહેતા ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ, સેશ લાગુ થાય તેમ ભારત સરકાર દ્વારા વખતો વખત સૂચિત કરાય તેમ લેવામાં આવશે. કર કાયદાઓ ફેરફારને આધીન રહે છે. પૉલિસી એડમિનિસ્ટ્રેશન ચાર્જ અને ડિસકન્ટીન્યુઅન્સ ચાર્જ કૉન્ટ્રાક્ટ હેઠળ ગૅરંટેડ છે.

## તમારે જાણવા જેવી અગત્યની શરતો

### 1. લૉક–ઈન પીરિયડ

લૉક–ઈન–પીરિયડ એટલે પૉલિસી શરૂ થયાની તારીખથી પૂર્ણ કરેલા નિરંતર પાંચ વર્ષ, જે મુદત દરમિયાન ડિસકન્ટીન્યુ થયેલી પૉલિસીની રકમ કંપની દ્વારા પૉલિસીધારકને અથવા વીમિત વ્યક્તિને, જે પણ લાગુ થાય તેને ચૂકવી ન શકાય, સિવાય કે વીમિત વ્યક્તિનું મૃત્યુ થવાના કિસ્સામાં.

### 2. સગીર જીવનનું કવરેજ

જો શરૂ થયાની તારીખના રોજ વીમત વ્યક્તિ સગીર હોય તો,

- પ્રીમિયમો પૉલિસીધારક દ્વારા ચૂકવવામાં આવશે જેઓ વીમિત વ્યક્તિના માતા–પિતા અથવા દાદા–દાદી અથવા કાયદેસરના વાલી માંથી કોઈપણ હોઈ શકે છે. પ્રીમિયમ ચૂકવણીની મુદત પૂરી થયા પહેલા પૉલિસીધારકનું મૃત્યુ થવાના કિસ્સામાં, ભાવિ પ્રીમિયમો વીમિત વ્યક્તિના જીવીત માતા–પિતા, કાયદેસરના વાલી દ્વારા ચૂકવવામાં આવી શકે છે. જો વીમિત વ્યક્તિ સગીર હોય અને ભાવિ પ્રીમિયમો ન ચૂકવ્યા હોય તો, ડિસકન્ટીન્યુઅન્સ જોગવાઈઓ લાગુ પડશે.
- વીમિત વ્યક્તિ સગીર હોય ત્યારે પૉલિસીધારકનું મૃત્યુ થવાના કિસ્સામાં, પૉલિસી વીમિત વ્યક્તિના જીવીત માતા–પિતા, કાયદેસરના વાલીના હિતમાં જશે, આ માટે કંપની દ્વારા આવશ્યક જરૂરી અરજીઓ અને આધારરુપ દસ્તાવેજો રજુ કરવાના રહેશે.
- વીમિત વ્યક્તિ 18 વર્ષની ઉંમર પૂર્ણ કરે કે તરત પૉલિસી આપમેળે જ તેના/તેણીના નામે થઈ જશે.
- પૉલિસી શરૂ થયાની તારીખથી તરત જ રિસ્ક શરૂ થઈ જશે.

### 3. ફ્રી લૂક પીરિયડ

પૉલિસીધારક પૉલિસી ડૉક્યુમેંટ પ્રાપ્ત થયાની તારીખથી 15 દિવસ (જો પૉલિસી ડિસ્ટન્સ માર્કેટિંગ મારફત મેળવી હોય તો 30 દિવસ)ની અંદર પૉલિસી નિયમો અને શરતોની સમીક્ષા કરવાનો અધિકાર ધરાવે છે. જો પૉલિસીધારક આ નિયમો અને શરતો માંથી કોઈની પણ સાથે સહમત ન થતા હોય તો તે/તેણી વાંધાનું કારણ જણાવીને પૉલિસી પાછી સોંપવાનો વિકલ્પ ધરાવે છે.

પૉલિસીધારક કૅન્સલેશનની તારીખના રોજની ફંડ વેલ્યૂ વત્તા ન ફાળવેલ પ્રીમિયમ (અલોકેશન ચાર્જિસ) વત્તા યુનિટો રદ કરીને બાદ કરેલ કોઈપણ ચાર્જ ઓછા કવરની મુદત માટેના સરેરાશ રિસ્ક ચાર્જિસ ઓછા મૅડિકલ તપાસ માટે થયેલ ખર્ચ, જો કોઈ હોય તો અને સ્ટેમ્પ ડ્યુટી ચાર્જિસના રીફંડ માટે હકદાર રહેશે.

પૉલિસીના નિયમો અને શરતો અમારી વેબસાઈટ www.avivaindia.com પર ઉપલબ્ધ છે.

### 4. ગ્રેસ પીરિયડ

આ કંપની દ્વારા પ્રીમિયમની ચૂકવણી માટે પાકતી તારીખથી કોઈ પેનલ્ટી અથવા લેટ ફી વિના ફાળવેલ સમય છે, જે દરમિયાન પૉલિસીને રિસ્ક કવર સાથે કોઈ અંતરાળ વિના પૉલિસીના નિયમો અને શરતો મુજબ ઈન–ફોર્સ માનવામાં આવે છે. પ્રીમિયમની ચૂકવણી માટેનો ગ્રેસ પીરિયડ 30 દિવસનો છે.

### 5. ડિસકન્ટીન્યુઅન્સ ઑફ પૉલિસી

''ડિસકન્ટીન્યુઅન્સ'' એટલે કે પૉલિસીની એ સ્થિતિ જે પૉલિસી સરન્ડર કરવા પર અથવા ગ્રેસ પીરિયડ પૂરો થયા પહેલા પાકેલ કૉન્ટ્રાક્ચુઅલ પ્રીમિયમ ન ચૂકવવા પર ઊભી થઈ હોય.

''ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડ'' એટલે કંપનીનું તારવેલું ફંડ જે અલગ રાખવામાં આવ્યું છે અને લૉક–ઈન પીરિયડ દરમિયાન ડિસકન્ટીન્યુ થયેલી પૉલિસીઓની ફંડ વેલ્યૂ માંથી નિર્માણ થયું છે અને પ્રવર્તમાન નિયમનો અનુસાર નિર્ધારિત કરાય છે. ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડનું રોકાણ માળખું આ દસ્તાવેજના રોકાણ વિકલ્પો વિભાગમાં જણાવવામાં આવ્યું છે.

‘‘પ્રોસીડ્સ ઑફ દ ડિસકન્ટીન્યુડ પૉલિસી’’ એટલે પૉલિસી ડિસકન્ટીન્યુ થઈ હતી એ તારીખના રોજની ફંડ વેલ્યૂ, લાગુ થતા વ્યાજ દરે ગણતરી કરાયેલ વ્યાજ ઉમેર્યા પછીની.

## A. લૉક–ઈન–પીરિયડની અંદર પૉલિસી ડિસકન્ટીન્યુઅન્સ

જો અમે ગ્રેસ પીરિયડ પૂરો થતા પહેલા લિમિટેડ/રેગ્યૂલર પ્રીમિયમ પૂરેપૂરું ન મેળવીએ અને આ કસૂર લૉક–ઈન–પીરિયડની અંદર થાય તો, અમે લાગુ થતો ડિસકન્ટીન્યુઅન્સ ચાર્જ બાદ કર્યા પછીની ફંડ વેલ્યૂ ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડમાં જમા કરીશું અને રિસ્ક કવર તેમ જ રાઈડર કવર, જો કોઈ હોય તો તે રદ થઈ જશે. આ પ્રકારે ડિસકન્ટીન્યુઅન્સ થવા પર, અમે આપની પૉલિસીની સ્થિતિ વિશે પ્રથમ ન ચૂકવેલ લિમિટેડ/રેગ્યૂલર પ્રીમિયમના ત્રણ મહિનાની અંદર આપને જણાવશું અને આપને ત્રણ વર્ષની રિવાઈવલ મુદતની અંદર પૉલિસી રિવાઈવ કરવાનો વિકલ્પ પૂરો પાડીશું.

જો તમે તમારી પૉલિસી રિવાઈવ* કરવાનો વિકલ્પ અપનાવો પરંતુ રિવાઈવલ મુદતની અંદર આમ ન કરો તો ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડની રકમ રિવાઈવલ મુદત અથવા લૉક–ઈન–પીરિયડ, જે પણ પાછળથી આવે ત્યારે તેના અંતે આપને ચૂકવી દેવામાં આવશે. લૉક–ઈન–પીરિયડ પછી પૂરી થતી રિવાઈવલ મુદત સંદર્ભે, આપની પૉલિસી રિવાઈવલ મુદત પૂરી થતા સુધી ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડમાં રહેશે. ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડ મેનેજમેન્ટ ચાર્જ આ મુદત દરમિયાન લાગુ રહેશે અને અન્ય કોઈ ચાર્જિસ લાગુ નહીં થાય.

જો તમે ઉપર જણાવ્યા મુજબ વિકલ્પનો ઉપયોગ ન કરો તો, પૉલિસી કોઈપણ રિસ્ક કવર અને રાઈડર કવર, જો કોઈ હોય તો તેના વગર ચાલુ રહેશે અને ફંડ્સ ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડમાં રોકાણ કરેલા રહેશે. ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડની આવક તમને ચૂકવવામાં આવશે અને લૉક–ઈન–મુદતના અંતે પૉલિસી રદ થઈ જશે.

જો તમે પૉલિસી સરન્ડર કરો તો ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડની મળેલી આવક લૉક–ઈન–પીરિયડ અથવા સરન્ડરની તારીખ, બે માંથી જે પણ પાછળથી આવે ત્યારે ચૂકવવાપાત્ર રહેશે.

## લૉક–ઈન–પીરિયડ દરમિયાન ડિસકન્ટીન્યુડ પૉલિસીનું રિવાઈવલ

જો તમે રિવાઈવલ મુદતની અંદર પૉલિસી રિવાઈવ કરો તો પૉલિસીને રિસ્ક કવર ફરી જોડતા તમે ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડ માંથી પસંદ કર્યા મુજબ તારવેલ ફંડ્સમાં કરાયેલા રોકાણો સહિત રિવાઈવ કરવામાં આવશે. લાગુ થતા ચાર્જિસ ડિસકન્ટીન્યુડ પૉલિસી ફંડ માંથી બાદ કરી લેવામાં આવશે.

રિવાઈવલના સમયે અમેઃ

- બધાં જ પાકેલા અને ન ચૂકવેલા લિમિટેડ/રેગ્યૂલર પ્રીમિયમો કોઈ વ્યાજ અથવા ફી ચાર્જ કર્યા વગર મેળવી લઈશું.
- પૉલિસી એડમિનિસ્ટ્રેશન ચાર્જ અને પ્રીમિયમ અલોકેશન ચાર્જ ડિસકન્ટીન્યુઅન્સ પીરિયડ દરમિયાન લાગુ થાય તેમ વસૂલ કરીશું. ગૅરંટી ચાર્જિસ, જો ડિસકન્ટીન્યુડ પીરિયડ દરમિયાન લાગુ થાય તો તે બાદ કરી લેવાશે આ માટે ગૅરંટી લાગુ રહેવી જરૂરી છે.
- અન્ય કોઈ ચાર્જિસ લેવામાં નહીં આવે.
- પૉલિસી ડિસકન્ટીન્યુઅન્સ થવાના સમયે બાદ કરેલ ડિસકન્ટીન્યુઅન્સ ચાર્જ પાછો ફંડ્સમાં ઉમેરી દઈશું.

એકવાર ડિસકન્ટીન્યુડ પૉલિસી રિવાઈવ થા પછી લાગુ થતા બધાં જ ચાર્જિસ પૉલિસી પૂરેપૂરાં રિસ્ક કવર માટે ઈન–ફોર્સ રહે ત્યાં સુધી વખતો વખત લેવામાં આવશે.

## B. લૉક–ઈન–પીરિયડ પછી પૉલિસી ડિસકન્ટીન્યુઅન્સ

જો ગ્રેસ પીરિયડ પૂરો થતા પહેલા અમને લિમિટેડ/રેગ્યૂલર પ્રીમિયમ પૂરેપૂરું ન મળે અને આ કસૂર લૉક–ઈન–પીરિયડ પછી થાય તો તમારી પૉલિસી પેઈડ અપ સમ એશ્યૉર્ડ સહિત ઘટાડેલ પેઈડ અપ પૉલિસીમાં રૂપાંતર કરાશે એટલે કે,

$$\textbf{પેઈડ અપ સમ એશ્યૉર્ડ} = \text{સમ એશ્યૉર્ડ} \times \frac{\text{મેળવેલા લિમિટેડ / રેગ્યૂલર પ્રીમિયમોની સંખ્યા}}{\text{પૉલિસી હેઠળ ચૂકવવાપાત્ર લિમિટેડ / રેગ્યૂલર પ્રીમિયમોની કુલ સંખ્યા}}$$

પૉલિસી રાઈડર કવર, જો કોઈ હોય તો તેના વગર ઘટાડેલ પેઈડ–અપ સ્ટેટસમાં ચાલુ રહેશે. બધાં જ ચાર્જિસ રિવાઈવલ મુદત દરમિયાન કાપી લેવામાં આવશે. જો કે, મોર્ટાલિટી ચાર્જ માત્ર ઘટાડેલ પેઈડ–અપ સમ એશ્યૉર્ડ આધારે જ કાપવામાં આવશે. આ પ્રકારે ડિસકન્ટીન્યુઅન્સના કિસ્સામાં, અમે આપની પૉલિસીની સ્થિતિ વિશે પ્રથમ ન ચૂકવેલા લિમિટેડ/રેગ્યૂલર પ્રીમિયમથી ત્રણ મહિનાની અંદર જાણ કરીશું અને આપને આનો વિકલ્પ પૂરો પાડીશુંઃ

i) પૉલિસી રિવાઈવલ મુદતની અંદર રિવાઈવ* કરવાનો; અથવા
ii) સંપૂર્ણ ઉપાડ કરવાનો એટલે કે પૉલિસી સરન્ડર કરવાનો.

જો તમે તમારી પૉલિસી રિવાઈવ કરવાનું પસંદ કરો પરંતુ રિવાઈવલ મુદતની અંદર આમ ન કરો તો રિવાઈવલ મુદતના અંતમાં ફંડ વેલ્યૂ તમને ચૂકવી દેવામાં આવશે.

જો તમે ઉપર જણાવ્યા મુજબ કોઈ જ વિકલ્પનો ઉપયોગ ન કરો તો તમારી પૉલિસી ઘટાડેલ પેઈડ અપ સ્ટેટસ સાથે ચાલુ રહેશે. રિવાઈવલ મુદતના અંતે ફંડ્સની આવક તમને ચૂકવી દેવામાં આવશે અને પૉલિસી રદ થઈ જશે.
જો તમે પૉલિસી સરન્ડર કરો તો, અમે તમને ફંડ વેલ્યૂ ચૂકવી દઈશું.

## લૉક–ઈન–પીરિયડ પછી ડિસકન્ટીન્યુડ પૉલિસીનું રિવાઈવલ

જો તમે રિવાઈવલ મુદતની અંદર પૉલિસી રિવાઈવ કરવાનું પસંદ કર્યું હોય તો, તમે અમને લેખિત સૂચના આપીને રિવાઈવલ મુદતની અંદર ગમે ત્યારે પૉલિસી રિવાઈવ કરાવી શકો છો, આ માટેની શરત છે કેઃ

તમે તમારા ખર્ચે અમને અમારા બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિ અનુસાર વીમિત વ્યક્તિની ઈન્શ્યૉરેબિલિટીનો સંતોષકારક પુરાવો આપો. અમે પૉલિસી રિવાઈવ કરતા પહેલા વધારાની માહિતી પણ મેળવી શકીએ છીએ તેમ જ પૉલિસીના રિવાઈવલથી ઈનકાર કરવાનો અથવા વધારાનો મોર્ટાલિટી ચાર્જિસ લગાડવાનો અધિકાર અબાધિત રાખીએ છીએ. રિવાઈવલના સમયે, કંપની બધાં જ પાકેલા અને અનપેઈડ પ્રીમિયમો કોઈ વ્યાજ અથવા ફી ચાર્જ કર્યા વિના બધાં જ પાકેલા ચાર્જિસ સહિત મેળવી લેશે, અને ઑરિજિનલ સમ એશ્યૉર્ડ પુનઃસ્થાપિત કરવામાં આવશે.

રિવાઈવલના સમયે અમેઃ

- બધાં જ પાકેલા અને ન ચૂકવેલા લિમિટેડ / રેગ્યૂલર પ્રીમિયમો કોઈ વ્યાજ અથવા ફી ચાર્જ કર્યા વિના મેળવી લેશું અને પ્રીમિયમ અલોકેશન ચાર્જિસ લાગુ કરીશું.
- રાઈડર, જો કોઈ હોય તો તે પણ તમે રિવાઈવ કરી શકો છો જે અમારી બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધીન રહેશે.
- અન્ય કોઈ ચાર્જિસ લેવામાં નહીં આવે.

## 6. નેટ એસેટ વેલ્યૂ (એનએવી) ની ગણતરીઃ

NAVની ગણતરી IRDAIની વખતો વખતની માર્ગદર્શિકા અનુસાર દૈનિક ધોરણે કરવામાં આવશે. વર્તમાન IRDAI માર્ગદર્શિકા અનુસાર ફંડ્સની NAV આ રીતે ગણતરી કરવામાં આવશેઃ

**ફંડ દ્વારા ધરાવતા રોકાણની માર્કેટ વેલ્યૂ**
**+**
**કરન્ટ એસેટ્સનું મૂલ્ય - કરન્ટ લાયાબિલિટીઝ અને પ્રોવિઝન્સ, જો કોઈ હોય તો તેનું મૂલ્ય**

---

**વેલ્યૂએશન તારીખના રોજ (યુનિટોના ક્રીએશન / રીડમ્પશન પહેલા) પ્રવર્તમાન યુનિટોની સંખ્યા**

**7.** પહેલું પ્રીમિયમ પૉલિસી શરૂ થયાની તારીખના રોજની NAV ધોરણે ફાળવવામાં આવશે.

**8.** પ્રીમિયમ પાકતી તારીખના રોજ એડ્જસ્ટ કરી લેવાશે ભલે પછી તે એડવાન્સમાં પ્રાપ્ત થયું હોય. ઉપરાંત, અવિવા પાકેલ જણાવેલ રેગ્યૂલર પ્રીમિયમ પેયેબલ, કે જે પૉલિસી શેડ્યૂલમાં જણાવેલ છે તેનાથી ઓછી કોઈ રકમ સ્વીકારશે નહીં.

**9.** ટ્રાન્ઝેક્શન વિનંતીઓ (લોકલ ચેક્સ, ડીમાન્ડ ડ્રાફ્ટ, સ્વિચીસ ઈત્યાદિ મારફત સ્વિચિંગ, વિડ્રોઅલ્સ, સરન્ડર અને રીન્યૂઅલ પ્રીમિયમો સહિત) કે જે કટ ઑફ સમય પહેલા પ્રાપ્ત થઈ હોય તે એ જ દિવસની એનએવીમાં ફાળવવામાં આવો અને કટ ઑફ સમય પછી પ્રાપ્ત થયેલ NAV ત્યારપછીના દિવસની NAVમાં ફાળવવામાં આવશે. કટ ઑફ સમય વખતો વખત IRDAIની માર્ગદર્શિકા અનુસાર રહેશે, જે હાલ બપોરના 3.00 વાગ્યાનો છે. બહારગામના ચેક મારફત મેળવેલા પ્રીમિયમો માટે, ક્લીઅન્સ તારીખ અથવા પાકતી તારીખ, જે પણ પાછળથી આવે તે સમયની NAV લાગુ રહેશે.

**10.** અવિવા તરફથી આ પૉલિસી પર લોનની કોઈ જોગવાઈ નથી કરાઈ.

**11.** પૉલિસીનું રિવાઈવલ બોર્ડ માન્ય અંડરરાઈટિંગ આવશ્યકતાઓ અને બધાં જ પાકેલા ન ચૂકવેલા પ્રીમિયમોની ચૂકવણીને આધીન રહેશે.

**12.** અસાઈનમેંટ અને નોમિનેશન ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938, વખતો વખત સુધારો કરાયા મુજબ તેની કલમ 38 અને 39 હેઠળની જોગવાઈઓ અનુસાર માન્ય છે.

**13.** રિસ્ક સ્વીકારવામાં આવે અને પ્રીમિયમ પૂરેપૂરું ન મળે ત્યાં સુધી અવિવા કોઈ ક્લેમ માટે જવાબદાર નહીં રહે.

# અપવર્જનો

## આપઘાત કરવાને લીધે થયેલું મૃત્યુઃ

- પૉલિસી શરૂ થયાની તારીખથી અથવા પૉલિસી રિવાઈવલની તારીખથી 12 મહિનાની અંદર આપઘાત કરવાને લીધે મૃત્યુ થવાના કિસ્સામાં નોમિની અથવા લાભાર્થી મૃત્યુની સૂચના આપ્યાની તારીખના રોજ ઉપલબ્ધ ફંડ વેલ્યૂ મેળવવા હકદાર રહેશે.
- ફંડ મેનેજમેન્ટ ચાર્જિસ અને ગૅરંટી ચાર્જિસ, જો કોઈ મૃત્યુની તારીખ પછી મેળવવામાં આવેલ હોય તે સિવાયના કોઈપણ ચાર્જિસ ફરી પાછા મૃત્યુની સૂચના આપ્યાની તારીખના રોજ ઉપલબ્ધ ફંડ વેલ્યૂમાં ઉમેરી દેવામાં આવશે.
- સૂચિત ફંડ વેલ્યૂ ચૂકવી દીધા પછી પૉલિસી રદ થઈ જશે.

## અકસ્માતને લીધે થયેલું મૃત્યુઃ

પૉલિસી મુદત દરમિયાન અકસ્માતને* લીધે થયેલ મૃત્યુને લીધે મળતો વધારાનો લાભ ચૂકવવાપાત્ર નહીં રહે જો વીમિત વ્યક્તિનું અકસ્માતને લીધે થયેલું મૃત્યુ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આ કારણથી થયું હોયઃ

**i.** આલ્કોહોલનું સેવન કરવાથી, અથવા

**ii.** નશીલી દવા સહિત મૅડિકલ પ્રેક્ટિશનલ દ્વારા પ્રીસ્ક્રાઈબ કરેલ હોય એ સિવાયની દવા લેવાથી, અથવા

**iii.** વીમિત વ્યક્તિ દ્વારા કોઈ અપરાધ કરવામાં આવે, અથવા

**iv.** ઈરાદાપૂર્વક સ્વયંને કરેલ ઈજા, આપઘાત અથવા આપઘાતનો પ્રયાસ, અથવા

v. ઉડાણ સિવાય કે તે પેસેન્જર, કેબિન ક્રૂ અને પાયલટ તરીકે કમર્સિયલ લાઈસન્સ ધરાવતા પેસેન્જર ઍરક્રાફ્ટમાં કરેલ હોય, અથવા

vi. એથ્લેટિક્સ અથવા સ્વિમિંગ સિવાયની અન્ય કોઈ પ્રકારની રેસિંગમાં સામેલ થવું, અથવા

vii. કોઈપણ સ્વરૂપનું યુદ્ધ, આક્રમણ, બળવો (ઘોષિત અથવા અઘોષિત યુદ્ધ), નાગરિક બળવો, રમખાણો, સામાજિક વિકાર, વિદ્રોહ, સૈન્ય અથવા હડપેલ શક્તિ અથવા હિંસાના કૃત્યોમાં ઈરાદાપૂર્વકનો સહભાગ અથવા

viii. ન્યૂક્લીઅર અકસ્માતને લીધે રેડિઓએક્ટિવ સંક્રમણ, અથવા

iv. સ્પોર્ટસમાં સહભાગ અથવા જોખમી સ્વરૂપનો પાસટાઈમ્સ સહિત પેરાશૂટિંગ, પોટહૉલિંગ, માઉન્ટેનિયરિંગ અને હૉટ ઍર બલૂનિંગ.

* અકસ્માત એટલે એકાએક, અનિચ્છિત અને અસ્વૈચ્છિક ઘટના જે બાહ્ય, દેખાતા અને હિંસક માધ્યમને લીધે થયેલ હોય.

મૅડિકલ પ્રેક્ટિશનર એ વ્યક્તિ છે જે ભારતના કોઈ પણ રાજ્ય અથવા મૅડિકલ કાઉન્સિલ અથવા કાઉન્સિલ ફોર ઈન્ડિયન મૅડિસિન અથવા હોમિયોપેથી સેટઅપ માટે ભારત સરકાર અથવા રાજ્ય સરકાર તરફથી માન્ય રજિસ્ટ્રેશન ધરાવતી હોય અને તે દ્વારા તે તેના ન્યાયક્ષેત્રની અંદર દવાની પ્રેક્ટિસ કરવા પાત્ર હોય અને તેની મર્યાદા અને લાઈસન્સના ન્યાયક્ષેત્રમાં કાર્યરત હોય.

**મૅડિકલ પ્રેક્ટિશનરમાં આ સામેલ નહીં થાયઃ**

a) પૉલિસીધારકની પત્ની, પિતા (સાવકા પિતા સહિત) અથવા માતા (સાવકી માતા સહિત), દીકરો (સાવકા દીકરા સહિત), દીકરાની પત્ની, દીકરી (સાવકી દીકરી સહિત), દીકરીનો પતિ, ભાઈ (સાવકા ભાઈ સહિત) અને બહેન (સાવકી બહેન સહિત) અથવા

b) આ પૉલિસી હેઠળના વીમિત વ્યક્તિ / પૉલિસીધારક

## ડિસ્કલોઝર (જાહેરાત)

- અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ એ માત્ર વીમા કંપનીનું નામ છે અને અવિવા એફ્લુઅન્સ માત્ર યુનિટ લિંક્ડ ઈન્શ્યૉરન્સ કૉન્ટ્રાક્ટનું નામ છે અને કોઈ પણ રીતે કૉન્ટ્રાક્ટની ગુણવત્તા, તેની ભાવિ શક્યતાઓ અથવા વળતરોનો સંકેત નથી આપતું.
- આ કૉન્ટ્રાક્ટ હેઠળ ઑફર કરાતા વિવિધ ફંડ્સ એ ફંડ્સના નામ છે અને કોઈ પણ રીતે આ પ્લાન્સની ગુણવત્તા, તેની ભાવિ સંભાવનાઓ અને વળતરોનો સંકેત નથી આપતાં.
- કૃપા કરી સંકળાયેલા જોખમો અને લાગુ થતા ચાર્જિસ વિશે ઈન્શ્યૉરન્સ એજંટ પાસેથી અથવા મધ્યસ્થી અથવા પૉલિસી દસ્તાવેજ અથવા તો ઈન્શ્યૉરર પાસેથી જાણી લો.

## જોખમી પરિબળો

- યુનિટ લિંક્ડ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટ્સ પરંપરાગત ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટ્સ કરતા અલગ છે અને જોખમી પરિબળોને આધીન રહે છે.
- યુનિટ–લિંક્ડ લાઈફ ઈન્શ્યૉરન્સ પૉલિસીઓમાં ચૂકવેલું પ્રીમિયમ કૅપિટલ માર્કેટ્સ સાથે સંકળાયેલા રોકાણ જોખમોને આધીન રહે છે તેમ જ યુનિટોની NAV ફંડની કામગીરી તેમ જ કૅપિટલ માર્કેટના અસર કરતા પરિબળોને આધીન વધી કે ઘટી શકે છે. વીમિત વ્યક્તિ/પૉલિસીધારક તેના/તેણીના નિર્ણયો માટે જવાબદાર રહે છે.
- યુનિટ લિંક્ડ ફંડ્સ બજારના જોખમોને આધીન રહે છે અને રોકાણ ફંડનો હેતુ સિદ્ધ થશે જ એવી કોઈ બાંયધરી અથવા ગૅરંટી નથી.
- ઈન્વેસ્ટમેંટ ફંડ્સની ભૂતકાળની કામગીરી તેની ભાવિ કામગીરીનો સંકેત નથી આપતી. સ્કીમમાં રોકાણકારોને કોઈ ગૅરંટેડ/અચૂક વળતરો અપવાના નથી આવી રહ્યાં.

## ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 41 અને 45

### ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 41

ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 41 ની જોગવાઈઓ વખતો વખત સુધારો કરાયા મુજબ લાગુ રહેશે.

**વર્તમાન જોગવાઈઓ અનુસારઃ**

(1) કોઈપણ વ્યક્તિએ ભારતમાં જીવન અથવા મિલકત સંબંધિત કોઈપણ પ્રકારના રિસ્ક સંદર્ભે કોઈ વીમો લેવા અથવા રીન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રલોભન તરીકે ચૂકવવાપાત્ર કમિશન પૂરેપૂરું અથવા આંશિક દરે અથવા પૉલિસી પર દર્શાવેલ પ્રીમિયમનું કોઈ વળતર કોઈપણ વ્યક્તિને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આપવું ન જોઈએ અથવા આપવા ન દેવું જોઈએ, ન તો પૉલિસી લેનાર અથવા રીન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર કોઈ વ્યક્તિએ આવું કોઈ વળતર સ્વીકારવું જોઈએ, સિવાય કે તે વીમા કંપની (ઈન્શ્યૉરર) ના પ્રકાશિત પ્રોસ્પેક્ટસ અનુસાર માન્ય હોય.

(2) આ કલમની જોગવાઈઓનું પાલન કરવામાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર ઠરશે જે દસ લાખ રૂપિયા સુધીનો પણ હોઈ શકે છે.

### ઈન્શ્યૉરન્સ ઍક્ટ 1938ની કલમ 45

ઈન્શ્યૉરન્સ ઍક્ટ, 1938ની કલમ 45ની જોગવાઈઓ વખતો વખત સુધારો કરાયા મુજબ કૉન્ટ્રાક્ટને લાગુ રહેશે.

વર્તમાન જોગવાઈઓ અનુસાર ત્રણ વર્ષ પછી મિસસ્ટેટમેંટના મુદ્દે પૉલિસી પર પ્રશ્નાર્થ ન કરી શકાય.

## અવિવા વિશે

અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને અવિવા ઈન્ટરનૅશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ – UK સ્થિત ઈન્શ્યૉરન્સ ગ્રુપ કે જેનો ભારત સાથેનો સંબંધ 1834થી છે તેની વચ્ચે થયેલું સંયુક્ત સાહત છે. અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ પસંદ કરીને તમે વિશ્વના સૌથી જૂના ઈન્શ્યૉરન્સ ગ્રુપ માંથી એકના મેનેજમેન્ટ અનુભવનો લાભ મેળવો છો, જેનો ઈતિહા 1696ની સાલથી અસ્તિત્વ ધરાવે છે.

## પ્રશ્નો અને ફરિયાદો

વધારાની માહિતી, મૂંઝવણો અથવા ફરિયાદો માટે કૃપા કરી નીચે જણાવેલા નંબરો પર અમારો સંપર્ક કરો: 1800 180 2244 (ટોલ ફ્રી BSNL/MTNL ઉપભોક્તાઓ માટે) અથવા 0124-2709046 અથવા SMS કરો "Aviva" 5676737 પર. ફૅક્સ નં. 0124-2709007


**વેબસાઈટ:** www.avivaindia.com

**અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ . (IRDA ઑફ ઈન્ડિયા રજિસ્ટ્રેશન નં.:122)**
ડાબર ઈન્વેસ્ટ કૉર્પ અને અવિવા ઈન્ટરનેશનલ હોલ્ડિંગ્સ લિમિટેડ વચ્ચેનું સંયુક્ત સાહસ.

**હેડ ઑફિસ:**
અવિવા ટાવર, સેક્ટર રોડ, ગોલ્ફ કોર્સની સામે, DLF ફેઝ-V, સેક્ટર 43, ગુડગાવ-122003,

**રજિસ્ટર્ડ ઑફિસ:**
2જો માળ, પ્રકાશદીપ બિલ્ડિંગ, 7, ટોલ્સટૉય માર્ગ, નવી દિલ્હી-110001,

**CIN No.** U66010DL2000PLC107880

**ઈમેઈલ ID:** customerservices@avivaindia.com


**બેનામી ફોન કૉલ્સ અને ખોટી/દગા ભરી ઑફરોથી સાવચેત રહો:**

IRDA ઑફ ઈન્ડિયા જનતાને ખુલાસો કરે છે કે:

- IRDA ઑફ ઈન્ડિયા અથવા તેના અધિકારીઓ કોઈપણ પ્રકારના ઈન્શ્યૉરન્સ અથવા ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સના વેચાણ જેવી કોઈ પ્રવૃત્તિઓમાં સંકળાયેલ નથી કે ન તો તેઓ પ્રીમિયમોનું રોકાણ કરે છે.
- IRDA ઑફ ઈન્ડિયા કોઈ બોનસની ઘોષણા કરતું નથી. આવા ફોન કૉલ્સ મેળવતા નાગરિકોને ફોન કૉલ, નંબરની વિગતો સહિત પોલીસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી કરવામાં આવે છે.


અવિવા એફ્લુઅન્સ એક વ્યક્તિગત, યુનિટ લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્લાન છે. ઉપર જણાવેલ ટ્રેડ લોગો અવિવા બ્રાન્ડ્સ લિમિટેડની માલિકીનો છે અને અવિવા લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાય છે. કર લાભો પ્રવર્તમાન કર કાયદાઓ અનુસાર છે જે ફેરફારને આધીન રહે છે. UIN: 122L111V02, Advt. No.: Jan 45/20.